**જન્મદિને વધામણી**



હિમાંશુ એમ સોલંકી
મો. ૮૦૦૦૮૭૧૮૮૫

# બી.બી.એ. કૉલેજમાં યોજાયો સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટેનો સેમિનાર

ગાંધીનગર, તા.૮

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત ભોળાભાઈ પટેલ કૉલેજ ઓફ કોમ્પ્યુટર સ્ટડીઝ દ્વારા સેમેસ્ટર ૪ અને ૬ના વિદ્યારઅથીઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીઓના ભાગ રુપે ''એપ્ટીટ્યુટ એક્ઝામિનેશન પરીક્ષાઓ કઈ રીતે પાસ કરશો'' તે વિષયક એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સેમિનારમાં તજજ્ઞ તરીકે આકાશ મહેતા ઉપસ્થિત રહ્યા હતા જેમણે વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓ શું છે, આ પરીક્ષાઓ કોના દ્વારા લેવામાં આવે છે, કયાં કોર્સ માટે કઈ પરીક્ષાઓ લેવાય છે, કયાં પ્રકારના પ્રશ્નો સ્પર્ધાત્મક પરીક્ષામાં પૂછવામાં આવે છે આ દરેક પ્રશ્નોની વિષયવાર વિસ્તૃત માહિતી આપી હતીય

સેમિનારના અંતમાં વિદ્યાર્થીઓ દ્વારા પુછાયેલા પ્રશ્નોનું તજજ્ઞો દ્વારા સમાધાન પણ આપવામાં આવ્યું હતું. આ સેમિનારનો ૨૫૦ કરતા વધુ વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો. એ સેમિનારને સંસ્થાના ડિરેકટર ડૉ. સંજય એમ. શાહના માર્ગદર્શન હેઠળ, પ્રાધ્યાપક મિત્રોએ સફળતાપૂર્વક પૂર્ણ કર્યું હતું.



## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
વઝીર
૧૨.૪૫, ૩.૩૦
૬.૩૦, ૧૦.૧૫
છોટા ભીમ : હીમાલયન એડવેન્ચર
૮.૩૦

**સ્ક્રીન-૩**
પોઈન્ટ બ્રેક (૩ડી હિન્દી)
૫.૦૦
સ્ટાર વોર્સ : ધ ફોર્સ અવેકન્સ (૩ડી અંગ્રેજી)
૭.૧૫
૯.૪૫

**સ્ક્રીન-૪**
છોટા ભીમ : હીમાલયન એડવેન્ચર
૩.૧૫, ૫.૧૫
દિલવાલે
૧૨.૧૫, ૭.૧૫
છેલ્લો દિવસ
૧૦.૦૦

**સ્ક્રીન-૫**
વઝીર
૧૦.૦૦ (સવારે)
બાજીરાવ મસ્તાની
૧૨.૪૫, ૩.૪૫
૬.૪૫
દિલવાલે
૯.૪૫

# ચિલોડા મોટા પ્રાથમિક શાળા ખાતે ગુણોત્સવ અંતર્ગત સ્વમૂલ્યાંકન કર્યું

ચિલોડા, તા. ૮

ગુજરાત રાજ્યમાં શિક્ષણનું સ્તર સુધારવા માટે ગુણોત્સવ-૬ અંતર્ગત વિદ્યાર્થીઓનું સ્વમૂલ્યાંકન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ અંતર્ગત શાળાના કુલ ૫૨૩ પૈકી ધો. ૨ થી ૫ના બાળકોનું વાંચન, લેખન, ગણન સહિત તમામ વિષયોને આવરી લેતી ૧૦૦ ગુણની ઓએમઆર કસોટી લેવામાં આવી હતી. આ ઉપરાંત શાળાની સહ અભ્યાસિક પ્રવૃત્તિ અને લોક ભાગીદારી તથા સંશોધનો ઉપયોગ અંતર્ગત ૫૫ વિધાનો દ્વારા શાળાનું મુલ્યાંકન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે એસએમસીના સભ્યોની હાજરીમાં



સ્વ મૂલ્યાંકન પૂર્ણ કરવામાં આવ્યું હતું.

ચિલોડા પ્રાથમિક શાળાના ૧૦ રૂમો હાલ જર્જરીત હાલતમાં છે. વિદ્યાર્થીઓ આવા ભંગાર હાલતવાળા રૂમોમાં અભ્યાસ કરી રહ્યા છે. આ અંગે સત્તાવાળાઓને લેખીત અને મૌખીક રજુઆત કરાયા છતાં હજુ કોઈ કાર્યવાહી હાથ ન ધરાતા એસએમસીના સભ્યોએ ગુણોત્સવમાં આ અંગે વધુ ધ્યાન દોર્યું હતું. આમ ભૌતિક સુવિધાના મૂલ્યાંકનમાં કેવી રીતે ઉલ્લેખ કરવો ચિંતાજનક બાબત ગણી શકાય આમ જર્જરીત રૂમો સત્વરે ઉતારી લઈ નવા રૂમો અંગેતાકિદે કામગીરી હાથ ધરાય તેવું ગ્રામજનો ઈચ્છી રહ્યા છે.



**કહાર ભોઇ સમાજનું ગૌરવ**

મલેશિયા ખાતે તા. ૨૭થી ૨૯ ડીસેમ્બર ૨૦૧૫ ફર્સ્ટ એશીયન જુનીયર થ્રોબોલ ચેમ્પીયનશીપ (૨૦૧૫) બોયઝ, ગર્લ્સની યોજાય ગઈ જેમાં ભારત, બાગ્લાદેશ, શ્રીલકાં, મલેશિયાના ખેલાડીઓ વચ્ચેની સ્પર્ધામાં ગુજરાત સ્ટેટ થ્રોબોલ એસોશીયન તરફથી છેલ્લા ૪ વર્ષથી રમતા શ્રી પ્રતિક કુમાર દિપકભાઈ કહાર ગોલ્ડ મેડલ વિજેતા જાહેર થતા કહાર ભોઈ સમાજનાં આગેવાન શ્રી પોપટભાઈ કહાર તેમજ ગુજરાત સ્ટેટ થ્રોબોલ એશોશીયનના પ્રેસીડન્ટ શ્રી ડૉ. જગદીશ દોશીએ ગુજરાત અને અને સમાજનું ગૌરવ વધારવા બદલ અંભિનદન આપ્યા હતા.

# સહજાનંદ સ્કૂલ ઑફ એચિવરમાં કેમ્પ ફાયરનો કાર્યક્રમ ઉજવાયો

**'કેમ્પ ફાયર' કાર્યક્રમો યોજીને બાળકોમાં 'શાળા જ અમારૂં બીજું ઘર'નો અહેસાસ કરાવી ઘર જેવું વાતાવરણ પુરું પાડવામાં આવ્યું હતું**



બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિઓને ઉજાગર કરવાના હેતુસર ચિલોડા સ્થિત 'સહજાનંદ સ્કૂલ ઑફ એચિવર'નાં શાળા પરિવારે ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમના ધોરણ ૧ થી ૧૦ ના બાળકો માટે ૨ જાન્યુઆરીને શનિવારે **'Chill Thrill night out'** (કેમ્પ ફાયર) નો એક નવતર પ્રયોગ કર્યો હતો.

આ દરમિયાન સ્પોર્ટ્સ-ડે આધારીત વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. શિયાળાની કડકડતી ઠંડીની રાત્રે શાળાના મેદાનમાં 'કેમ્પ ફાયર' યોજીને પ્રારંભે ટ્રસ્ટીઓનું પાઘડી દ્વારા સન્માન, ટ્રસ્ટીઓના હસ્તક કેમ્પ ફાયર પ્રજજવલિત, 'હનુમાન ચાલીસા', 'નાટિયા કેમ્પફાયર'નું મહત્ત્વ, 'રાજસ્થાની ડાન્સ', 'બાળ કલાકારો દ્વારા ડાન્સ,'ગીત-સંગીત, ગરબા અને સમૂહ ભોજનના કાર્યક્રમો યોજીને બાળકોમાં 'શાળા જ અમારૂં બીજું ઘર'નો અહેસાસ કરાવી ઘર જેવું વાતાવરણ પુરું પાડ્યું હતું.

સમગ્ર કાર્યક્રમના સૂત્રધાર રંગલા-રંગલીએ વાતાવરણમાં એક અનોખી ખુશીની ઝલક પ્રસરાવી હતી. શાળાના તમામ શિક્ષકોએ માતાપિતાની ભૂમિકામાં રહીને બાળકોની વિશેષ કાળજી લીધી હતી. બાળકો સમૂહમાં પોતાના મિત્રવર્તુળ સાથે ઘણી નવીન બાબતોથી પરિચિત થયા હતા. તેમજ માતાપિતાથી દૂર રહેતા જવાબદારીના એક નવા અનુભવથી વિદ્યાર્થીઓ આનંદિત થઈ ગયા હતા. શાળાના ટ્રસ્ટીઓની ઉપસ્થિતિ બાળકો માટે પ્રેરણારુપ બની રહી હતી.

# ભારતમાં લાખો એન્જિનિયર હજુ પણ સંઘર્ષ કરી રહ્યા છે

ભારતમાં લાખો એન્જિનિયરો ખૂબ જ પડકારરૂપ બનેલા બજારમાં યોગ્ય નોકરી મેળવવા માટે સંઘર્ષ કરી રહ્યા છે. અથવા તો બેરોજગારીનો સામનો કરી રહ્યા છે. ભારતની એન્જીનીયરીંગ કોલેજોમાંથી ગ્રેજ્યુએટ થયેલા લાખો વિદ્યાર્થીઓ પૈકીના મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ મુશ્કેરરૂપ સ્થિતિનો સામનો કરી રહ્યા છે જ્યારે કેટલાકને તેમની ટેકનીકલ લાયકાત કરતા ઓછા સ્તરે નોકરી કરવાની ફરજ પડી રહી છે. આવનાર સમયમાં પણ આવી જ સ્થિતિ રહેનાર છે. ભારતના ખૂબ જ ભરચક રહેલા ટેકનીકલ ટેલેન્ટ પુર માટે ખૂબ ઓછી રોજગારીની તકો હવે ઊભી થનાર છે. ભારતના એન્જીનીયરો ઊભરતા બજારમાં મુશ્કેલી અનુભવી રહ્યા છે. ઘણા બધા અંદાજો મુજબ ભારત ૧.૫ મિલિયન એન્જીનીયરોને તાલીમ આપે છે. આ સંખ્યા અમેરિકા અને ચીનના સંયુક્ત આંકડા કરતા પણ વધારે છે. જો કે બે ચાવીરૂપ ઈન્ડસ્ટ્રીમાં અત્યારે સ્થિતિ વિકટ બનેલી છે. ઈન્ફરમેશન ટેકલોનોજી અને મેન્યુફેક્ચરીંગના ક્ષેત્રમાં ભરતીની પ્રક્રિયા ધીમી દેખાઈ રહી છે. ભારતના આઈટી ક્ષેત્રમાં એન્જીનીયરોની સંખ્યા વધારે છે. આ વર્ષે ઓછી ભરતી કરવાના સંકેત મળી રહ્યા છે. માત્ર આઈટી ઈન્ડસ્ટ્રી જ નહીં બલ્કે મેન્યુરફેક્ચરીંગમાં પણ આવી જ હાલત છે. એચઆર કન્સલ્ટન અને કુશળ મૂલ્યાંકન કંપનીઓના અધિકારીઓનું કહેવું છે કે ભારતમાં ટેકનીકલ એજ્યુકેશન માટે હજુ નવા પગલાંની જરૂર છે. રોજગારીનું ચિત્ર હાલમાં નબળું ઉપસી રહ્યું છે. ૨૦૧૨-૧૩માં આઈઆઈટી મુંબઈમાં કુલ ૧૫૦૧ વિદ્યાર્થીઓ પ્લેસમેન્ટની પ્રક્રિયા મારફતે નીકળ્યા હતા. જે પૈકી ૧૦૦૫ને જ જગ્યા મળી હતી. ૨૦૧૧-૧૨માં પણ આવી જ સ્થિતિ રહી હતી.

# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ખેરોજ-ખેડબ્રહ્મામાં શાળામાં આરોગ્યલક્ષી કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૮

કલ્પતરુ વેલફેર ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા ખેડબ્રહ્મામામાં શાળામાં આરોગ્યલક્ષી કાર્યક્રમ સંપન્ન થયો. શ્રી ગજાનન સેવા સમિતિના ૪ ડૉકટરો દ્વારા સમગ્ર દિવસ કાર્યરત કાર્યક્રમમાં કુલ ૯૪૦ બાળકોને તપાસી દવા આપી હતી. ૫૫૦ વિદ્યાર્થીઓને બોલપેન તથા ૯૦ નંગ નવા કપડાનું વિતરણ કર્યું હતું.

શાળાના ૨૨ શિક્ષકોને પોકેટ ડાયરી આપવામાં આવી હતી. ડૉકટરોએ પોતાનો અભિપ્રાય આપ્યો હતો. બે વર્ગમાં દેશભક્તિનું ગીત કંઠસ્થ કરાવ્યું. ડૉ. ચીતાણીયા, ડૉ. બોઘાણી, ડૉ. સુવિણાબેન, ડૉ. અતુલભાઈ, મિલિન્દ ગુપ્તે, ગામેતી, ગોપાલ રાવળભાઈ આ કાર્ય જોડાયા હતા. આચાર્યશ્રીએ આભારવિધિ કરી હતી.


# વારંવાર જમવાથી ચરબીના પ્રમાણમાં વધારો નોંધાય છે

યુનિવર્સિટી ઓફ ન્યુ સાઉથ વેલ્સના સંશોધકોએ હાલમાં કરેલા એક રસપ્રદ સર્વેમાં જાણવા મળ્યું છે કે વારંવાર ભોજનની ટેવ ધરાવનાર લોકોને કોઈ વધારે ફાયદો થતો નથી. બદલામાં સ્થૂળતામાં વધારો થાય છે.પેટ ભરાઈ જવાની સ્થિતિમાં પણ કેટલાક લોકો એવા હોય છે જે પસંદગીની ચીજવસ્તુ ખાઈ જવાથી ખચકાટ અનુભવ કરતા નથી. આવા લોકો માટે આ અભ્યાસના તારણો ખુબ જ મહત્વપૂર્ણ છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે વારંવાર ભોજનની ટેવ ધરાવનાર લોકોને વધારે નુકસાન થવાની શકયતા રહેલી છે. અભ્યાસમાં વધારે પડતાં ભોજનના કારણે ચરબી વધી જવાની બાબત ઉપર મુખ્ય ભાર મૂકવામાં આવ્યો છે. જો કે ચરબી વધી જવાને લઈને સામાન્ય લોકો ચિંતિત દેખાતા નથી. અભ્યાસમાં સાફ શબ્દોમાં જણાવવામાં આવ્યું છે કે નિયમિત ભોજન ખૂબ જ મહત્વપૂર્ણ છે.

લોકો માટે આરોગ્યપ્રદ ભોજનની બાબત તરફ ધ્યાન આપવાની રજૂઆત આમા કરવામાં આવી છે. રેસ્ટોરન્ટ અને ઘરમાં ટેસ્ટી ચીજવસ્તુ બનવાની સ્થિતિમાં મોટાભાગના લોકો જમવા ઉપર ધ્યાન આપતા નથી પરંતુ આવી સ્થિતિમાં નુકસાન થઈ શકે છે. ચરબીનું પ્રમાણ સતત વધે છે. ૬૬થી વધુ મહિલાઓ અને સૈંકડો પુરુષોને આવરી લઈને કરવામાં આવેલા અભ્યાસ બાદ આના તારણો જારી કરવામાં આવ્યા છે. જમવાની વારંવાર ટેવ ધરાવનાર લોકોને જાગૃત કરવા માટે પણ ભાર મૂકવામાં આવ્યો છે. અભ્યાસવેળા આમા ભાગ લેનાર લોકોની લંચ માટે ટામેટાના સોર્સ સાથે ૩૫૦ ગ્રામ પાસ્તા આપવામાં આવી હતી અને અન્ય ચીજો અપાઈ હતી. ત્યારબાદ આની ગણતરી લેવામાં આવી હતી.

# જિંદગી ખૂબ અદ્દભૂત છે, હકારાત્મક વિચારીએ અને જીવીએ : વિજળીવાળા

બપોરનો એક વાગ્યાનો સમય છે. ભાવનગરના કાળાનાળા વિસ્તારના ચાર રસ્તા પાસે ઓટોરિક્ષામાંથી ઊતરતા મેં જોયું 'ડૉકટર હાઉસ' લખેલી મોટી ઈમારત નજરે પડી. નાના- મોટાં અનેક દવાખાનાઓના નામ વાંચતા



વાંચતા નાનકડું પાટિયું આખરે નજરે ચડ્યું. તેમા લખ્યું હતું : 'ડાૅ આઈ.કે. વીજળીવાળા : બાળરોગ નિષ્ણાંત - બીજે માળે ..

બીજે માળે આવેલા કિલનિકમાં મોટો માનવ મહેરામણ ઊમટયો હતો. બેસવાની વાત દૂર રહી ઊભા કયાં રહેવું તે પ્રશ્ન હતો ! આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી આવેલા માતાપિતા તેમના બાળકો સાથે કલાકોથી નંબર આવવાની રાહ જોઈને બેઠા હતા. એટલામાં વારાફરથી નંબર પ્રમાણે દર્દીઓને અંદર મોકલી રહેલા રિસેપ્શનિસ્ટે મને જોઈને પૂછ્યું. :

**'એપોઈન્ટમેન્ટ લીધી છે ? કોને બતાવવાનું છે ? '**

જવાબમાં મેં મારું કાર્ડ ડાૅકટર સાહેબને પહોંચાડવા વિનંતી કરી. ફરી એકવાર હું આસપાસનું દ્રશ્ય જોવામાં ખોવાયો. સુંદર સુવાક્યો લખેલા




વોલપિસ સાથે મનનો માળો. અંતરનો ઉજાસ. હીરાનો ખજાનો, સાયલન્સ પ્લીઝ... જેવા એમના પુસ્તકોની યાદી મુકવામાં આવી હતી. બાળકોના તંદુરસ્ત વિકાસ માટેના કેટલાક સૂચનો વાંચવાની શરૂઆત કરું ત્યાં તો રિસેપ્શનિસ્ટે આવીને કહ્યું : 'સાહેબ આપને અંદર બોલાવે છે.'

કન્સલ્ટિંગ રૂમમાં પ્રવેશતાની સાથે જ ડાૅકટર સાહેબે ખૂબ પ્રસન્ન ચહેરે ઊભા થઈને મીઠો આવકાર આપ્યો. અત્યંત વ્યસ્ત હોવા છતાં તેમના ચહેરા પર જરાય થાક કે કંટાળો આવતો ન હોતો. એમના લેખનમાં અનુભવાતી સહજતા એમના વ્યકિતત્વમાં દ્દષ્ટિગોચર થઈ રહી હતી. સ્મિત સાથે બાળકોને તપાસતા વાલીઓને સમજાવતા અને પાસે રહેલા કોમ્પ્યુટરમાં પ્રિસ્ક્રિપ્શન લખતાં લખતાં તેઓ આનંદપૂર્વક પોતાનું કામ કરી રહ્યા હતાં. આ બધા કામની સાથે સાથે જ અમારો વાર્તાલાપ પણ શરૂ થયો.

**પ્રશ્ન : ડાૅકટર સાહેબ. અહીં બહાર આટલી ભીડ જોઈને મને સૌથી પહેલો પ્રશ્ન એ થાય છે કે આપ આટલી વ્યસ્તતા વચ્ચે લખવાનો સમય કેવી રીતે કાઢી શકો છો ?**

ઉત્તર : એ માટે મારે તમને મારી દિનચર્યા કહેવી પડશે. મારી સવાર આઠ વાગ્યે પડે. ઊઠીને સ્નાનાદિથી પરવારીને બરાબર નવ વાગ્યે હોસ્પિટલ પહોંચી જઉં. એ પછી સાંજના ૫ઃ૩૦ સુધી સતત દર્દીઓને તપાસવાનું ચાલે. સાંજે છ વાગ્યે ઘરે જઈને ડિનર લઉં. ચોવીસ કલાકમાં ફકત એક જ વાર હું ભોજન લઉં છું. ફરીથી ૬ઃ૩૦-૭ વાગ્યે હું હોસ્પિટલ પરત આવું અને તે પછી બાકી રહેલા દર્દીઓને તપાસતાં છેક ૧૧-૧૧ઃ૩૦ થઈ જાય. રાત્રે બાર વાગ્યે ઘરે પહોચી. સ્નાન કરીને તરત વાંચવા લખતા બેસી જાઉ. રાતના ત્રણ- સાડાત્રણ સુધી એ બધુ કામ ચાલે. ફરી પાછા, બીજા દિવસની સવારે નવ વાગ્યે હોસ્પિટલમાં !

**પ્રશ્ન : એનો અર્થ એમ કે અત્યાર સુધીના તમારા તમામ પુસ્તકોનો જન્મ મધ્યરાત્રીએ થયો. ખરું ને?**

ઉત્તર : હા ભાઈ એકદમ બરાબર દિવસે એક મિનિટનો પણ સમય કાઢવો મુશ્કેલ થઈ પડે. રોજના ૧૦૦થી ૧૫૦ દર્દીઓને તપાસવાના હોય અને દરેકની એપોઈન્ટમેન્ટ અગાઉથી નકકી થયેલી હોય. આથી અન્ય કોઈ પ્રવૃત્તિને તો અવકાશ જ ન રહે. હા, બુધવારે અને રવિવારે હોસ્પિટલમાં રજા હોય આથી ઈન્ડોર પેશન્ટની વિઝિટને બાદ કરતાં સારો એવો સમય મળી રહે પરંતુ એ તો પરિવારને ફાળે જાય!

**પ્રશ્ન : હવે આપણે આપની સાહિત્યયાત્રા વિશે થોડીક વાત કરીએ. આપને લખવાની પ્રેરણા કેવી રીતે મળી? અને તેની શરૂઆત કેવા સંજોગોમાં થઈ?**

ઉત્તર : આમ જુઓ તો વાંચન-લેખનનો બાળપણથી જ મને શોખ શાળાની લાઈબ્રેરી છાપાંઓ અને પુસ્તકોનું વિશાળ વાંચન અમારે ઘરે પહેલી જ હતું. આ વાચને મારી કલ્પનાના અનેક દ્રાર ખોલી નાખ્યાં. તેનાથી પ્રેરાઈને મેં નવમા ધોરણથી કંઈક કંઈક લખવાની શરૂઆત કરી ધોરણમાં કોનો વાંક ? નામની પ્રથમ વાર્તા લખી જે ૧૯૭૬ ના બોમ્બે જનસત્તા અખબારની રવિવારની પૂર્તિમાં પ્રકાશિત થઈ. તે પછી હીરાનો ખજાનો નામની બાળવાર્તાનું આખું પુસ્તક મેં દસમા ધોરણમાં લખીને તૈયાર કરી રાખ્યું હતું

● અનુસંધાન પાન-૭ પર

## આવતીકાલે ગાંધીનગર વ્યાખ્યાન માટે પધારતા ડૉ. આઈ.કે. વિજળીવાળા

ગુજરાતા ભાષામાં વીસ જેટલા પુસ્તકોના સર્જક અને વ્યવસાયે બાળનિષ્ણાંત તબીબ ડૉ. આઈ. કે. વિજળીવાળા વક્તવ્ય આપવા રવિવારે ગાંધીનગર પધારી રહ્યા છે. 'અર્ક' વ્યાખ્યાનમાળા અંતર્ગત રવિવારે સવારે ૯-૪૫ કલાકે ટાઉનહૉલ ખાતે તેઓ 'જીવનનો અભિગમ' વિષય પર ચિંતનાત્મક અને મનનીય વક્તવ્ય આપશે. યુવાનોમાં ખૂબ લોકપ્રિય એવા આ સાહિત્યકાર-લેખકની શ્રી મૃગેશ શાહે લીધેલી મુલાકાત ગાંધીનગરના વાચકો માટે પુનઃમુદ્રિત કરતાં અમે આનંદ અનુભવીએ છીએ...